Vol. 9, Issue: 8, Aug.: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# ‘અનર્ઘરાઘવમ્’નાટકના અંકોનું કથાવસ્તુ

પ્રો. ડૉ. સુરવીરસિંહ આઈ. ઠાકોર
સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
આર્ટસ્ એન્ડ કોમર્સ કૉલેજ, ઓલપાડ, જિ. સુરત

કવિવર મુરારિ રચિત ‘અનર્ઘરાઘવમ્’ નાટકનું કથાવસ્તુ પ્રસિદ્ધ વાલ્મીકિ રામાયણ પર આધારિત છે, તે સાત અંકમાં વણાયેલું છે. આ નાટકની યોગ્યતાને કારણે તથા રોચકતાને કારણે કવિ મુરારિ ‘ બાળવાલ્મીકિ’ના નામથી પ્રખ્યાત થયેલા છે. ‘અનર્ઘરાઘવમ્’ નાટકના અંકોનું કથાવસ્તુ નીચે મુજબ છે.

## અંક–૧ मुनीन्द्रसंवाद

‘અનર્ઘરાઘવ’ નાટકની શરૂઆત ભગવાન વિષ્ણુની આરાધનાથી થઈ છે. નાન્દી પછી સૂત્રધાર આવે છે. આમ નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે નાટકની શરૂઆત થાય છે. વાલ્મીકિ રામાયણની કથાની અપેક્ષા રાખતા પ્રેક્ષકો સમક્ષ મૌદગલ્ય ગોત્રમાં જન્મેલા પિતા મહાકવિ વર્ધમાન ભટ્ટ તથા માતા તન્તુમતીના પુત્ર મુરારિકૃત ‘અનર્ઘરાઘવ’ નાટકના પ્રયોગની જાહેરાત કરે છે.

નેપથ્યમાંથી સંભળાતા ગીત દ્વારા રાજા દશરથથી રામને અલગ કરતી વિશ્વામિત્રની સૂચના તથા વામદેવ – દશરથના સંવાદના સૂચનની કથા પ્રસ્તાવનામાં જોવા મળે છે.

દશરથ – વામદેવ સંવાદ દરમિયાન વિશ્વામિત્ર આવ્યા હોવાના સમાચાર પ્રતિહારી આવીને આપે છે. વિશ્વામિત્ર યજ્ઞનો સમય નજીક આવી રહ્યો હોવાથી રામને આશ્રમની રક્ષા માટે લઈ જવાની ઈચ્છા પ્રગટ કરે છે. વિષાદયુક્ત દશરથ રામની બાકી અસ્ત્રવિદ્યાની ચિંતા વ્યક્ત કરે છે. વિશ્વામિત્ર અસ્ત્રવિદ્યા શીખવવાની જવાબદારી સ્વીકારે છે. રાજા દશરથ રામ તથા લક્ષ્મણને બોલાવડાવે છે. બ્રહ્મતેજ, પરિણામ સ્વરૂપ, ઋષ્યશ્રુંગ મહાબાહુ રામનો પરિચય વામદેવને કરાવે છે. દશરથની વિરહવ્યથા જોઈ વામદેવ રામ લક્ષ્મણને વિશ્વામિત્રને સોંપે છે. વિશ્વામિત્ર આશ્રમ પ્રતિ પ્રસ્થાન કરે છે. ખિન્ન હૃદયે રાજા દશરથ કૌશલ્યાને સાંત્વના આપવા માટે જાય છે, ત્યાં અંકની સમાપ્તિ થાય છે.

## અંક–૨ कौमारविक्रम

कौमारविक्रम* નામના બીજા અંકનો ઉઘાડ વિશ્વામિત્ર શિષ્ય શુનઃશેપે કરેલા સૂર્યોદયના વર્ણનથી થયો છે. પશુમેઢ્ર નામનો શિષ્ય રામ આગમન તથા શલ્યામાંથી અહલ્યા બન્યાના સમાચાર શુનઃશેપને આપે છે. રામ વનગમનનું આ પ્રથમ કારણ છે તથા હજાર હાથીઓ જેટલી શક્તિવાળી રાક્ષસી તાડકા રાક્ષસ સૈન્યમાંથી નીકળી મનુષ્ય સમૂહમાં વિહારની ઉત્કંઠાથી આપણી ભૂમિ પર આવી છે. આ તાડકાને યજ્ઞનું વિઘ્ન સમજી રામ લક્ષ્મણને કુલપતિ આશ્રમની રક્ષા માટે લાવ્યા છે. કુલપતિ વિશ્વામિત્ર દ્વારા

બ્રહ્મજ્યોતિ મંત્ર તથા બલાતિબલ શક્તિનું રામને પ્રદાન વગેરે વાતો બીજા અંકના વિષ્કંભકમાં પશુમેઢ્ર અને શુનઃશેપના સંવાદ દ્વારા જાણવા મળે છે.

વિષ્કંભક સમાપ્ત થતાં રામ લક્ષ્મણ પ્રવેશે છે. રામ ગાધિનંદનના 'સિદ્ધાશ્રમ' નામના આશ્રમથી ખૂબ પ્રભાવિત થાય છે. રામ લક્ષ્મણ આશ્રમના વાતાવરણને જોવામાં લીન હોય છે, ત્યાં નેપથ્યમાંથી અવાજ આવે છે. "મધ્યાહન થયો છે અને ગુઢદેવ 'માધ્યન્દિન' યજ્ઞ કરવા માટે આપને હાજર જોવા ઈચ્છે છે." રામ લક્ષ્મણ ન્યગ્રોધવૃક્ષની છાયામાં બેસી ઋત્વિજોની રખેવાળી કરે છે. ચોક્કસ આજે રાક્ષસ આવશે એમ જણાવે છે. તો રામ પૃથ્વી રાક્ષસ રહિત કરવાના પુણ્ય કામનો આરંભ થશે, એવું જણાવે છે. હર્ષિત વિશ્વામિત્ર પોતાની જાતને કૃતકૃત્ય માને છે, કારણ કે તાડકાનો તેના સ્વજનો સહિત વધ થશે તથા શિવધનુષ્યભંગ કરી રામ સીતાને પરણી દેવકાર્યાર્થે પ્રસ્થાન કરશે. રામ લક્ષ્મણને વિશ્વામિત્ર વનનો પરિચય કરાવે છે. દરમિયાન પશ્ચિમ દિશામાં જોતાં અચાનક વાતાવરણમાં પરિવર્તન આવેલું જુએ છે. તાડકાની ક્રીડાથી આ સર્વે ઉત્પાત મચ્યાનો ખ્યાલ આવે છે. મારીષ વગેરે રાક્ષસ શિષ્યોને દોરી રહ્યા છે. વિશ્વામિત્ર તાડકાનો સંહાર કરવા રામને જણાવે છે. સ્ત્રી પર બાણ ચલાવવા અચકાતા રામને લક્ષ્મણ જણાવે છે કે, "वाचमेषामृषीणां हि शास्त्रमेवानुवर्तते।"

રામ રાક્ષસસેનાનો નાશ કરે છે. વિશ્વામિત્રની આજ્ઞાથી કરેલા સ્ત્રીવધથી રામ આનંદિત નથી. વિશ્વામિત્ર લક્ષ્મણને જણાવે છે કે, પ્રથમ યુદ્ધમાં જ વિજય રામ તાડકા વધથી લજ્જિત થતાં જલ્દી આવતા નથી. રાજાના આ કાર્યથી આશ્રમવાસીની કાર્યશક્તિ બેવડાઈ ગઈ છે. વિશ્વામિત્ર પોતાના મિત્ર સીરધ્વજ – જનકના યજ્ઞની ચિંતા વ્યક્ત કરે છે. અંકના અંતે ગુઢની ઈચ્છા પ્રમાણે મિથિલા જવા નીકળે છે.

### અંક–૩ पिनाकभङ्ग

ત્રીજા અંકની શરૂઆતમાં આવતા વિષ્કંભકમાં કંચુકી – કલહંસિકાના સંવાદમાં રામ લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે મિથિલા આવ્યા છે તે જણાવ્યું છે તથા રાજકુમારીની ગૌરીપૂજા, જનકની શિવધનુષભંગ કરનાર સાથે પુત્રીવિવાહની પ્રતિજ્ઞા અને રાવણના પુરોહિત દ્વારા સીતાના રાવણ સાથેના લગ્નનો પ્રસ્તાવ, આ વાત જાણી સીતા ઉદાસ, કલહંસિકાને સીતાની ચિંતા, દુર્મનીય શિવધનુષ્યને કારણે અસામાન્ય માણસ જ આ કાર્ય કરી શકે, તથા રાવણના અનુરોધથી જનક પ્રતિજ્ઞા નહીં બદલે આથી ચિંતા નથી. અંતે રામ, લક્ષ્મણ, કૌશિક તથા જનક ગૌતમ મુનિની સેવા કરી રહ્યાનું સૂચન કરી કંચૂકી કલહંસિકા કન્યાન્તઃપુર તરફ જાય છે.

જમાઈ ન મળવાથી ચિંતિત જનકને વિશ્વામિત્ર શોક દૂર કરવાનું આશ્વાસન આપે છે. લક્ષ્મણ રામને જનકનો પરિચય કરાવે છે. જનકના આતિથ્યથી વિશ્વામિત્ર ખુશ છે અને શતાનંદને કકુત્સ્થવંશમાં જન્મેલા રામ લક્ષ્મણની ઓળખ આપે છે. જનક દશરથકુમારને જોઈ ખૂબ હર્ષિત બને છે. વિશ્વામિત્ર શિવધનુષ જોવાની ઈચ્છા પ્રગટ કરે છે. દેવોનું તેજ એકત્રિત કરી બનાવેલું ધનુષ જેનું બાણ સ્વયં વિષ્ણુ તથા મૌવી નાગ જેની પ્રત્યંચા અને લક્ષ્ય ત્રિપુર છે તેવું અદ્‌ભુત ધનુષ જુએ છે, બાદ રાવણનો પુરોહિત શૌષ્કલ જનકને મળવા આવે છે. શૌષ્કલ વિશ્વામિત્ર તથા રામ લક્ષ્મણને જોઈને આશ્ચર્ય પામે છે. ક્રોધિત લક્ષ્મણને રામ રાવણના બાહુવીર્યની પ્રશંસા કરી શાંત કરે છે. શૌષ્કલને સીતાની યાચના માટે

મોકલ્યા છે, તે વાતનો ઉલ્લેખ સ્વયં જનક પાસે કરે છે. પિનાકદર્શન માટે ઉત્સુક રામ ચંચળ છે. શૌષ્કલ જનકને બાહુવીર્ય રાવણને આપવા જણાવે છે, શતાનન્દ જનકની દૃઢપ્રતિજ્ઞા જણાવે છે તથા રામને શિવધનુષ આરોપિત કરવાનો આદેશ આપે છે. ગુઢજનોની આજ્ઞાથી વિનયી, લજ્જિત રામ લક્ષ્મણ સાથે ધનુષ પાસે જાય છે. શતાનન્દ રામના આ કાર્યનું વર્ણન કરે છે. જનક ઉત્કંઠિત છે. રામ ધનુષભંગ કરે છે. જનકના આનંદની સીમા નથી. જનક વિશ્વામિત્રને જણાવે છે કે ....

"इयमात्मगुणेनैव क्रीता रामेण मैथिली।

स्वगृहव्यवहारस्तु लक्ष्मणायोर्मिलाऽस्तु नः।"

વિશ્વામિત્ર ઊર્મિલાનો સ્વીકાર કરે છે. શતાનન્દ જનકની અનુમતિથી શિવધનુષભંગના સમાચાર પોતે પ્રથમ આપ્યા એમ વિશ્વામિત્રને જણાવી ઈનામમાં માંડવી તથા શ્રુતકીર્તિ માટે ભરત અને શત્રુઘ્નની માગણી કરે છે. વિશ્વામિત્ર પ્રસન્ન થઈને સ્વીકારે છે. શૌષ્કલ લજ્જા તથા ગુસ્સાથી યુક્ત વિશ્વામિત્રને હજુ તાડકાવધ અપરાધ ધોવાનો આ મિત્ર અવસર છે, એમ જણાવે છે તથા સીતાના નસીબ પર દયા બતાવે છે. અંતે સીતાએ રાવણના હાથમાં આવવું જ પડશે એમ જણાવી મંત્રી માલ્યવાન સાથે રાવણને નિવેદન કરવા માટે જાય છે. આમ અહીં ત્રીજો અંક સમાપ્ત થાય છે.

**અંક–૪ दशरथविप्रलम्भ**

આ અંકની શરૂઆત માલ્યવાનના આગમનથી થાય છે. પરોઢનું વર્ણન માલ્યવાન કરે છે. સીતા વિવાહની વાત સાંભળીને માલ્યવાન વ્યથિત જણાય છે. રાવણની સીતા પ્રત્યેની આસક્તિ પણ માલ્યવાનને ખૂંચે છે. તો પુલસ્ત્ય મુનિ જેના પૂર્વજ છે, એવા રાવણને જમાઈ તરીકે ન સ્વીકારતાં માલ્યવાનને આશ્ચર્ય થાય છે.

મિથિલામાં મનુષ્યવેશે ગયેલી શૂર્પણખા રઘુકુમારને લગ્નના વેશમાં જોઈને ધન્યતા અનુભવે છે. તપથી બ્રાહ્મણ બનેલા ક્ષત્રિય વિશ્વામિત્રની પ્રવૃત્તિ તથા સીતાહરણની તૈયારી કરતા રાવણને અટકાવવાની ચિંતા કરતાં માલ્યવાન જણાવે છે કે, બળજબરીથી સીતાનું હરણ કરવામાં આવે તો ઘણો અનર્થ થશે અને માત્ર દૌર્જન્ય બની રહેશે. જામ્બવાન દ્વારા કિષ્કિન્ધામાં કુમાર સુગ્રીવના અભિષેક માટે રામની મદદની કામના મિથિલાથી પાછા ફરેલા હનુમાન દ્વારા જાણવા મળ્યું છે કે, કૈકેયી દ્વારા મોકલેલી મંથરા મિથિલાનગરીમાં છે. પરકાયા પ્રવેશવિદ્યા દ્વારા મંથરાના શરીરમાં પ્રવેશી સર્વેનો વિશ્વાસ પ્રાપ્ત કરી રાજા દશરથને કહી દેવા માલ્યવાન શૂર્પણખાને જણાવે છે. ગુઢવચન પાલન પ્રસંગથી વનમાં આવેલ રામ વૈદેશિક હોવાને લીધે અને જામ્બવનના પ્રયોગથી વિંધ્યગિરિમાં ફરતા રામની સીતાનું અપહરણ સરળ બની જશે, અને શિવધનુષ ભંગથી કુપિત પરશુરામ પર શંકા જાય છતાં પણ દશરથપુત્ર રામનો પરાજય શક્ય નથી. માલ્યવાનના મુખમાં પરશુરામ આવ્યાના સમાચાર મૂક્યા છે. આટલી કથા વિષ્કંભકમાં જોવા મળે છે.

નેપથ્યમાંથી સૂચના મળે છે કે પરશુરામ પધાર્યા છે. શિવધનુષ ભંગથી ક્રોધિત પરશુરામ રામને શોધે છે. 'શાંત થયેલા ક્રોધાગ્નિમાં શિવધનુષ ભંગથી રામે બળતણ નાંખવાનું કામ કર્યું છે.' રામ બાળસહજ કુતૂહલવશ ક્ષતિનો એકરાર કરે છે. ક્રોધિત જામદગ્ન્ય રામને કૌશિક પાસે શીખેલ વિદ્યા પ્રગટ કરવા જણાવે છે. વીરવ્રત ભયંકર છે, તથા આપ આદરણીય છો, એમ જણાવી રામ શાંત થવા જણાવે છે. જનક, દશરથ, શતાનન્દ વગેરે નેપથ્યમાંથી પરશુરામને શાંત થવા માટે સમજાવે છે. વડીલો પર

આક્ષેપો સાંભળી લક્ષ્મણ દ્વિજને પાઠ ભણાવવા માટે કમર કસે છે, તથા પોતાને માટે રામ મોટાભાઈ નથી અને તે પોતે રઘુવંશી નથી એમ જણાવે છે. લક્ષ્મણ કિશોર છે, એમ કહી રામ બચાવ કરે છે. સૂર્યનો અસ્ત થયા પછી સૂર્યકાંત મણિ ઠંડો પડે છે, તેમ રામનો નાશ થતાં જ લક્ષ્મણ નાશ પામશે. આમ કહી પરશુરામ લક્ષ્મણના પડકારને આવકારી તેને બહાદૂર કહે છે. લક્ષ્મણ ફળ પ્રાપ્તિ પહેલાં પોતાનું કુતૂહલ આભિરામિક કે સાઙગ્રામિક તે કહેવું મુશ્કેલ જણાવે છે. રામ લક્ષ્મણને અટકાવે છે. પરશુરામ રામને શસ્ત્રોનો જવાબ શસ્ત્રોથી આપવા જણાવે છે, તથા વિશ્વામિત્ર પાસે શસ્ત્રવિદ્યા મેળવેલ સૂર્યવંશી ક્ષાત્રધર્મનો ત્યાગ કરે છે તો કલંક લાગે. રામ બ્રાહ્મણ પર શસ્ત્ર ચલાવવાનો ઈન્કાર કરે છે. પરશુરામ અતિકુપિત થઈ ચારેય પુત્રો સહિત દશરથનો વધ કરવાની વાત કરે છે. 'વાત વધવાથી ઈક્ષ્વાકુવંશી પણ ગુસ્સે થઈ જતા હોય છે' એમ જણાવી એકવીસવાર વિજયી બનેલા પરશુરામમાં કેટલું બાણવિદ્યા બળ છે ? તે રામ જોવા માગે છે. પરશુરામનો કોપ વધે છે. રામ પરશુરાને હાથ ચલાવવા જણાવે છે તથા કાર્ત્તવીર્ય અર્જુન પર મેળવેલ વિજય જુનો ગણાવે છે. પરશુરામ વૈષ્ણવ ધનુષ્યને ચઢાવવા જણાવે છે. રામ યુદ્ધ યોગ્ય સમરાંગણમાં પરશુરામને લઈ જાય છે.

નેપથ્યમાંથી આવેલ અવાજ વૈદેહી વિવાહોત્સવ સાથે જામદગ્ન વિજયોત્સવ ઉજવવાની જાહેરાતથી રામ વિજયી બન્યાની ખબર પડે છે. રામ પરશુરામ યુદ્ધ બાદ સાથે આવે છે તથા રામ પરશુરામની ક્ષમા યાચે છે. આતિથ્ય માટે આમંત્રણ આપવા છતાં પરશુરામ લજ્જિત હોવાથી રામની સાથે વડીલો સમક્ષ ઉપસ્થિત થતા નથી, તથા વનગમન કરે છે. મહાવીર રામને જોઈ હર્ષિત દશરથ રામને રાજગાદી સોંપી દિલીપ કુલોચિત માર્ગથી તપોવનમાં જવાની ઈચ્છા પ્રગટ કરે છે. દશરથ વિજયોત્સવ સાથે રાજ્યાભિષેકનો ઉત્તમ અવસર ગણાવે છે.

મધ્યમા અંબાની ચિઠ્ઠીકૂટ મંથરા દ્વારા લવાયેલ કૂટચિઠ્ઠી લક્ષ્મણ લાવે છે. જનક વાંચે છે. જેમાં કૈકેયી ભરતનો રાજ્યાભિષેક અને લક્ષ્મણ તથા સીતા સાથે રામ ચૌદ વર્ષ દંડકવનમાં રહેવાની માગણી કરે છે એ સાંભળી બન્ને રાજા મૂર્ચ્છિત થાય છે. રામ માતાની આજ્ઞાના પાલનાર્થે પોતાની ભાભી સીતાને લઈ જવા માટે લક્ષ્મણને જણાવે છે. દશરથ દુઃખી થાય છે. જનક કૈકેયીને કોસે છે. રામ જનકને પોતાના પિતાની સ્વસ્થતા સંભાળે તેવા પ્રયત્ન કરવા જણાવી પ્રસ્થાન કરે છે. દુઃખી દશરથ જનકને આધારે જાય છે. આમ અંક પૂરો થાય છે.

### અંક–૫ सुग्रीवाभिषेक

પાંચમા અંકના આરંભમાં જાંબવાન તથા શ્રમણાનો સંવાદ છે. શ્રૃંગવેરપુરમાં શૂર્પણખા મંથરાનું ક્લેવર છોડી શબરી બને છે. રામ લક્ષ્મણનો ગુહને પરિચય, નાવ દ્વારા ગંગાપાર, મૈત્રીરૂપ ઉત્તરાઈ આપી ચિત્રકૂટાચલ તરફ પ્રસ્થાન, ભરત રામનું મિલન, પિતાના અવસાનના સમાચાર આપવા, કલંકિત કૈકેયી દ્વારા દશરથને દગો, ભરતની રામને રઘુવંશના રાજ્યનો સ્વીકાર કરવાની પ્રાર્થના, રામનું પ્રત્યાખ્યાન, ભરતનો જટા બનાવી રામની પાદુકા લઈ નંદિગ્રામમાં નિવાસ, વિરાધનો રામ દ્વારા વધ, ધારાધર નામના કાગનું વૈદેહી સાથે ઉપદ્રવરૂપે અપશુકન, રામ દ્વારા એષીક અસ્ત્રથી ધારાધરને કાણો બનાવવો વગેરે પ્રસંગો આલેખાયા છે. પછી રામ પંચવટીમાં વનવાસ કરે છે. કામપરવશા શૂર્પણખાના નાક, કાન, ઓષ્ઠ લક્ષ્મણ કાપી લે છે. પરિવ્રાજકના વેશમાં આવેલ રાવણ ભૂલથી પોતાનું નામ લક્ષ્મણ સાથેની વાતોમાં બોલી જતો રહે છે. જટાયુ મારીચ સાથે રાવણને મહાવન તરફ આવતો જોઈને પંચવટી તરફ રામને સમાચાર આપવા દોડી જાય છે. ત્યાં જુએ છે કે કનકમૃગપ્રીતિથી રામ ખૂબ દૂર સુધી લઈ

જવાયા છે. લક્ષ્મણ અનુસરે છે. રાવણ સાધુવેશે પર્ણશાલામાં પ્રવેશી રહ્યો છે અને 'આર્યપુત્ર' બૂમ પાડતી સીતાને રથ પર બેસાડી લઈ જાય છે. જટાયુ રાવણને અટકાવવાના પ્રયત્ન કરે છે. આટલી કથા વિષ્કંભકમાં જોવા મળે છે.

વિષ્કંભક બાદ શોકાતુર રામ લક્ષ્મણનો પ્રવેશ થાય છે. રામ રાવણના દુષ્કૃત્યને કોસે છે, અને સીતાના વિરહમાં મૂર્ચ્છિત થઈ જાય છે. લક્ષ્મણ રામના દુઃખને હળવું કરવાની ચિંતા કરે છે. અને જટાયુએ તોડી નાંખેલ રાવણનો રથ, કુમુદવન તથા માલ્યવાન નામનો પર્વત બતાવે છે. પરંતુ રામનો સંતાપ દૂર થતો નથી. ગુહને કબન્ધ સાથેના ઝઘડામાં લક્ષ્મણ રામના કહેવાથી સહાય કરે છે. ગુહ આવી રામને દનુના સ્વર્ગારોહણની વાત કરે છે. દુન્દુભિ નામના રાક્ષસની હત્યા કરીને મુકેલ કંકાલ લક્ષ્મણ હટાવી દે છે. હનુમાને મોકલેલ ઉત્તરીય ગુહ રામને આપે છે. રામ ખૂબ દુઃખી છે. ગુહ તથા લક્ષ્મણ રામને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરે છે. રામ–લક્ષ્મણ સુગ્રીવ સાથે મિત્રતા કરવાના હેતુથી ગુહને દૂત તરીકે મોકલે છે.

દનુ કબન્ધને ઉલટાવવાથી કોપિત વાલી રામ–લક્ષ્મણ પાસે આવે છે. નમ્રતાથી લક્ષ્મણ બન્નેનો પરિચય રઘુવંશી તરીકે આપે છે. બન્નેનો અલગ પરિચય વાલી મેળવે છે. રામ વાલી તથા રાક્ષસકુળની પ્રશંસા કરે છે. પણ વાલી રામનું પરાક્રમ જાણવા હાથ તરફડી રહ્યો હોવાનું જણાવે છે. રામ વાલીને શસ્ત્ર ગ્રહણ કરવા જણાવે છે. વાલી જાતી પ્રમાણે પોતાના શસ્ત્રો હસ્તતલ, નખ તથા મુષ્ટિ જણાવે છે. બાદ બન્ને યુદ્ધને યોગ્ય ભૂમિ પર જાય છે. સુગ્રીવ તથા હનુમાન ત્યાં આવે છે. રામ વાલીનું યુદ્ધ થાય છે. ગુહ જણાવે છે કે સાત તાડવૃક્ષને છેદી વાલીને મારીને રામનું બાણ ફરી ભાથામાં આવી જાય છે. રામ સ્વયં સુવર્ણકમળની માળાથી અલંકૃત કરી સુગ્રીવનો અભિષેક કરે છે. સુગ્રીવ સીતાની શોધનો આદેશ આપે છે અને હનુમાનને મોકલી બીજા શુભ સમયમાં કુમાર અંગદને યુવરાજ પદે અભિષેક કરવા ઈચ્છે છે. પરંતુ મૃત વાલી ઈન્દ્રને વ્યથિત કરશે. ગુહ તથા લક્ષ્મણ કિષ્કંધાના ઉત્સવમાં સહભાગી થવા જાય છે. અહીં અંક પૂરો થાય છે.

### અંક–૬ दशग्रीवनिग्रह

છઠ્ઠા અંકનો આરંભ માલ્યવાનની સ્વગતોક્તિથી થાય છે. માલ્યવાન દુઃખી છે કારણ કે હનુમાને પૂંછની આગથી લંકાને સળગાવી દીધી છે, આથી રાવણ જડ થઈ ગયો છે. કુળ છિન્ન ભિન્ન થઈ રહ્યું છે. ખારાદિને રામે તથા અક્ષને હનુમાને મારી નાખ્યા અને સ્વયં રાવણે વિભીષણને કાઢી મૂક્યો. સુગ્રીવ છાવણીમાંથી આવેલ સારણ વિભીષણના અભિષેક તથા પોતે વિભીષણના હાથે પકડાઈ જાય છે, રામ મંત્રીની જેમ પોતાને બેસાડી આદર સહિત મોકલી આપ્યાના સમાચાર માલ્યવાનને જણાવે છે. માલ્યવાન સ્વકુલોત્પન્ન વ્યસનથી મૂઢ થઈ ગયો છે. વિભીષણ શત્રુ સૈન્યમાં ભળી જવાનું કારણ પૂછતાં માલ્યવાન (સારણને જણાવે છે કે) અંજનાપુત્ર હનુમાનની નિંદા કરતા રાવણને માનવજાતિનો આદર કરવા તથા વાનરોનું અપમાન ન કરવા અને રામને સીતા સોંપી દેવા વિભીષણ જણાવે છે. પરંતુ રાવણે એવો દુર્વ્યવહાર કર્યો કે વિભીષણ રામ સાથે જઈ મળ્યો. સારણ રામની વ્યૂહરચના જોઈ વિભીષણ માત્ર કુળપ્રવર્તક તરીકે બચવાની વાત માલ્યવાનને જણાવે છે. ગુપ્તચર મોકલી વાલી પુત્ર અંગદને પિતૃવૈરી રામ લક્ષ્મણનો સંહાર કરી કિષ્કિન્ધાની ગાદી પર બેસાડવાની લાલચ આપી સુગ્રીવ શિબિરમાંથી હટાવી સુગ્રીવને રામ પ્રતિશિથિલ બનાવવા સારણને જણાવે છે. સાગર પાર કરી આવેલ રામ સૈન્ય રાવણના પ્રતાપને પણ લાધી જશે. રામને વાલી મૃત્યુથી પૃષ્ઠભય નથી અને રામ સાગર પાર કરી આક્રમણ કરશે. માલ્યવાન આ અવદશાથી દુઃખી બની આંસુ સારે છે. શુક આવીને રામે લંકાને

ઘેર્યાના સમાચાર આપે છે. જ્યારે રામ લક્ષ્મણને સુવેલતટમાં આવેલ જાણી રાવણના અડધા હાથ ઘમંડથી ધનુષ ટંકાર કરે છે અને અડધા હાથ વૈદેહી, કૂચ, કુમ્ભો પર પત્રરચના ચાતુર્યનો અભ્યાસ કરે છે. રાક્ષસ સૈન્ય રામના આક્રમણથી પીછેહઠ કરી ભાગે છે. કુંભકર્ણ ઊંઘમાંથી જાગે છે. ઈન્દ્રજીત ઉત્સાહમાં છે. નેપથ્યમાંથી આવતા અવાજ દ્વારા જાણવા મળે છે કે, રામે કુંભકર્ણના શરીરને નીચે પાડ્યું, માલ્યવાન મૂર્ચ્છિત થાય છે. લક્ષ્મણ મેઘનાદનો વધ કરે છે. શુકના મુખમાંથી 'રામ– વિજય'ના શબ્દો સરી પડે છે. માલ્યવાન, શુક–સારણ સાથે જાય છે. અહીં વિષ્કંભક પૂરો થાય છે.

આકાશમાર્ગે આવેલા વિદ્યાધર – યુગલ હેમાંગદ – રત્નચૂડનો સંવાદ છે. આ સંવાદમાં યુદ્ધદર્શન માટે નીકળેલી વનિતાઓનું વર્ણન, ક્રીડા કરતા બાળકોનું વર્ણન, પતિવિજય ચાહતી મંદોદરીની વાતો છે. રત્નચૂડ રાવણ આવી રહ્યાની વાત જણાવે છે. હેમાંગદ દક્ષિણ તરફ બતાવે છે કે રાવણના આવવાથી વાનરસૈન્ય દશમુખ જોઈને ભાગે છે. વાનરરાજ સૈનિકોને સાંત્વના આપે છે. રાવણ સુગ્રીવનું યુદ્ધ ચાલે છે. બન્ને વચ્ચે વાક્પ્રહાર પણ ચાલે છે. સુગ્રીવ કુદીને રાવણના મસ્તક પર પ્રહાર કરે છે. રાવણ સુગ્રીવ પર મુષ્ટિ પ્રહાર કરે છે અને સુગ્રીવ મૂર્ચ્છિત થઈ જાય છે. બાદ સૂર્યકુલકેતુ ધનુર્ધર રામ આવે છે. રાવણ રામને લલકારે છે. આકાશમાંથી ઈન્દ્રનો રથ રામ પાસે આવે છે. ઈન્દ્રસૂત માતલિ સાથે ઈન્દ્રએ પોતાનું કવચ તથા ધનુષ મોકલ્યા છે. રામ રાવણ વચ્ચે વાક્યુદ્ધ થાય છે. બાદ બાણ પ્રહાર ચાલે છે. બન્ને વચ્ચે બરાબરીની લડાઈ થાય છે. રાવણ કરતા રામ વધુ કુશળ પૂરવાર થાય છે કારણ કે રાવણ વીસ હાથોથી યુદ્ધ કરે છે જ્યારે રામ બે હાથથી. 'ક્ષુરપ્ર' નામના અસ્ત્રથી રાવણ રામના રથનું મયૂરપિચ્છરૂપ ચિહ્ન કાપી નાંખે છે. રામ રાવણના મસ્તક પર બાણ પ્રહાર કરે છે. રામે પહેરેલ ઈન્દ્રના કવચમાંથી લોહી વહે છે. રામ રાવણના હૃદય પર બાણ પ્રહાર કરે છે. રામ વિશ્વામિત્ર દ્વારા શીખવેલ દિવ્યાસ્ત્ર મંત્રોનું ધ્યાન કરે છે. રાવણ બ્રહ્મા દ્વારા ઉપદેશેલ શસ્ત્રવિદ્યાનું સ્મરણ કરે છે. બન્ને સર્વાસ્ત્રનો પ્રયોગ કરે છે કારણ કે રામે જીતવું છે, જ્યારે રાવણે મરવાનું જ છે. પોતાના બાણના અગ્રભાગમાં બ્રહ્માસ્ત્રનું આવાહન કરવાવાળા રામ દ્વારા વિખેરવામાં આવેલ રાવણનું કબન્ધ વીર શય્યા પર પડે છે. શોકમગ્ન મંદોદરી રાવણની લાશ તરફ આવે છે અને કઢણ વિલાપ કરે છે. વિભીષણ રાવણના કારાવાસમાંથી કેદીઓને મુક્ત કરે છે. રાક્ષસપુરી રાજ્ય પર વિભીષણને પ્રતિષ્ઠિત કરી પુલસ્ત્ય દ્વારા પ્રશંસિત અદ્વિતીય વીર રામચંદ્ર વિજયશ્રી સંપન્ન થાય છે. અહીં અંક સમાપ્ત થાય છે.

**અંક–૭ नायकानन्द**

સાતમા અંકની શરૂઆત અગ્નિપરીક્ષા પછી શુદ્ધ સીતાને સાથે લઈ 'પુષ્પક' વિમાન પર બેસી રામ વગેરે અયોધ્યા જવા નીકળે છે. અગ્નિપરીક્ષાથી સીતા શુદ્ધ થઈ નીકળી છે. સકુલ રાક્ષસોના વધથી શોક, સીતા પ્રાપ્તિથી હર્ષ તથા વિશુદ્ધ સીતાને અગ્નિપરીક્ષા કરાવવાથી રામ લજ્જા પામી રહ્યા છે. ભગવાન રામચંદ્ર, સુગ્રીવ અને વિભીષણની સાથે લક્ષ્મણ તથા સીતા સાથે અયોધ્યાપુરી તરફ 'પુષ્પક' વિમાન દ્વારા આવે છે. સુગ્રીવ તથા રામની વાતમાં લંકા વર્ણન છે. આ અંકમાં માર્ગમાં આવતા સાગર, પર્વતો, નદીઓનું હુબહુ વર્ણન છે. સુવેલગીરી બાદ સાગરમાંથી લક્ષ્મી, ચંદ્રમા, કૌસ્તુભમણિ, પારિજાતવૃક્ષ તથા ધન્વન્તરિ ઉત્પન્ન થયાની વાત છે. પદ્મનાભ ભગવાન વિષ્ણુનું શયનસ્થાન સમુદ્રદર્શન છે. બાદ રામ–લક્ષ્મણના સંવાદમાં અગત્સ્યે સાગર પીધો હતો તે વાત છે. બાદ સુમેઢ વર્ણન છે. બાદ પર્વતરાજ હિમાલયનું વર્ણન છે, જેના પર મૃતસંજીવનીના મહાઔષધિરૂપ પાર્વતીએ જન્મ લીધો હતો, ત્યાં જ કામદેવ ભસ્મીભૂત થઈ ગયા હતા. પાર્વતીના તપથી જ શિવે ઉમાને અર્ધાંગિની બનાવ્યા હતા. બાદ મંદરાચલ પહાડનું વર્ણન છે, કૈલાસ પર્વત જે મહાદેવનું નિવાસ સ્થાન છે.

સુમેઢ વર્ણનમાં સૂર્યના કિરણોથી એક ભાગ પ્રકાશમય તથા બીજો અંધકારમય લાગે છે. ધીમે ધીમે વિમાન ચંદ્રલોક સમીપ પહોંચે છે, ત્યાં ભગવાન ચંદ્રમા છે. તે ચારેય દિશાઓનું નામકરણ કરે છે. તે જ્યોત્સનાથી અંધકારને લુપ્ત કરે છે. રામ સીતાને જણાવે છે કે, તારી મધુર વાણી જ મને ચંદ્રલોકથી ઉપર પહોંચાડે છે. પુષ્પક નીચે આવતા મઢભૂમિ તથા સિંહલદ્વીપ દર્શનીય બને છે. સીતાના પ્રશ્નના ઉત્તરમાં રામ તામ્રવર્ણી નદીની વિશિષ્ટતા કહે છે. રામના મુખે અગત્સ્ય મુનિનું વર્ણન સીતાને કહેવાય છે. નીચે પંચવટી સ્થાન આવે છે, જ્યાં મારીચનું દેહબલિદાન થયું હતું અને રાવણ કપટભિક્ષુક બન્યો હતો. આ વાતથી સીતા લજ્જા અનુભવે છે. પ્રવણગિરિ બતાવતા રામ સીતાના કાનમાં શૃંગાર પ્રસંગની યાદ અપાવે છે.

રામ ગોદાવરી બતાવી સીતા પાસે નમસ્કાર કરાવે છે, તથા માલ્યવાન પર્વત બતાવી તેનું માહાત્મ્ય સમજાવે છે. વિભીષણ સીતાજીને સુમેઢ ભીમેશ્વર મહાદેવનાં દર્શન કરવા કહે છે. આગળ વધતા વિભીષણ સીતાજીને દ્રવિડ દેશ તથા ઉજ્જૈની નગરી બતાવે છે. વિમાન વેગવાન બને છે. રામ સીતાને ગંગાની સંગિની યમુના નદીનાં દર્શન કરાવે છે. રામ, સીતા, લક્ષ્મણ નમસ્કાર કરે છે. આગળ જતાં વારાણસી બાદ મિથિલા નગરી બતાવે છે. સીતા ગુઢજનોને નમસ્કાર કરે છે. કામદેવના બ્રહ્મચર્યનું તપોવન ગૌડદેશની રાજધાની 'ચંપાપુરી' બતાવે છે. દૂરથી સરયૂતટે આવેલી અયોધ્યા દેખાય છે. બધા પ્રણામ કરે છે. જ્યાં વસિષ્ઠ, ભરત, શત્રુઘ્ન પ્રતીક્ષા કરે છે. સર્વે વિમાનમાંથી નીચે ઉતરે છે. રામ ગુઢ વસિષ્ઠના ચરણસ્પર્શ કરે છે. વૈદેહી પ્રણામ કરે છે. ગુઢ બે પુત્રના આશીર્વાદ આપે છે. લક્ષ્મણના પ્રણામના ફળે બે પુત્ર પ્રાપ્તિના આશીર્વાદ આપે છે. ભરત રામને પ્રણામ કરે છે, બન્ને ભેટે છે. પાદુકા સાથે ઉપસ્થિત ભરતભૃત્ય તરીકે ઓળખાવતો શત્રુઘ્ન પ્રણામ કરે છે. રામ શત્રુઘ્નને ભેટતા લક્ષ્મણનો અનુભવ કરે છે. રામ વિભીષણ તથા સુગ્રીવનો પરિચય વસિષ્ઠ સાથે કરાવે છે. દશરથ પરિવારને ચૌદ વર્ષ બાદ એકત્રિત જોઈ વસિષ્ઠ ખુશ થાય છે. વસિષ્ઠ રામનો મહાભિષેક દ્વારા મંત્રપૂર્વક રાજ્યાભિષેક કરે છે. વિભીષણના યાદ કરાવવાથી રામ પુષ્પકને કુબેર પાસે જવા જણાવે છે. વસિષ્ઠ ગંગા, મંદાકિની તથા ભોગવતી જ્યાં સુધી ત્રણે લોકને પવિત્ર કરે ત્યાં સુધી વીરકીર્તિગાથારૂપ કર્ણામૃત પ્રવાહ લોકોને કાનરૂપ આકાશનો ગુણ બની રહે એમ જણાવે છે. અહીં અંક પૂરો થાય છે.

## સંદર્ભ ગ્રંથ

૧.'અનર્ઘરાઘવ', શ્રી મુરારિ
૨.'દશરૂપક', ધનંજય
૩.'કુમારસંભવ'